# જાહેરનામુ

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃગ/ઉપક/૨૯૯/૨૦૦૪.તા.૯/૮/૨૦૦૪.

વંચાણે લીધા ઃ- ૧)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૨/૨૦૦3 તા.૧૮.૧૨.૨૦૦3.

૨)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા.૨૫.૨.૨૦૦૪.

૩)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા.૫.૩.૨૦૦૪.

૨)જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૩/૨૦૦૪ તા.૨૧.૬.૨૦૦૪.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો ને સવારે કલાક.૯/૦૦ થી રાતના કલાક.૨૧/૦૦ સુધી અવર જવર કરવા પર પ્રતિબંધ કરવાનુ જાહેરનામું તાઃ૨૧.૬.૦૪ ના જાહેરનામાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને તેનો તાઃ૧.૭.૦૪ થી તાઃ૩૦.૯.૦૪ સુધી પ્રાયોગીક ધોરણે અમલમાં મુકવામાં આવેલ છે

આ જાહેરનામાં સબંધે અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળ તરફથી છુટછાટ આપવા રજુઆત કરવામાં આવેલ છે આ રજુઆત અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ખાનગી લકઝરી બસો માટે ભાડેથી પાર્કિંગ પ્લોટ ફાળવવામાં આવેલ છે આ પ્લોટો ફાળવણીમાં જે શરતો મુકવામાં આવેલ છે તે શરતોનું પાલન કરવાની જવાબદારી ખાનગી પ્રવાસ સંચાલક મંડળની રહેશે. તે શરતોને ધ્યાનમાં લઇ જાહેર જનતાને મુસાફરીમાં અગવડતા ન પડે તે હેતુથી નીચે મુજબની વધુ છુટછાટ આપવામાં આવે છે.

હુકમઃ

હું કે. આર. કૌશિક પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરનાઓને મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેર પોલીસ કમિસ્નરશ્રીની હકુમતના વિસ્તારમાં તાઃ૨૧.૬.૦૪ ના રોજ બહાર પાડેલ જાહેરનામાં નો અમલ તાઃ૩૦.૯.૦૪ સુધી પ્રાયોગીક ધોરણે છે અમદાવાદ શહેરમાં નીચે જણાંવેલ સ્થળોના પાર્કિંગ પ્લોટમાં ખાનગી લકઝરી બસોને આવવા જવા માટે મુકિત આપવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના ફાળવેલ પાર્કિંગ પ્લોટોની વિગત નીચે મુજબ છે.

| અ.ન | પ્લોટની વિગત | પ્લોટનું સ્થળ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ગોકુલધામ ફલેટ પાસે, ૧૩૨ ફુટ રિંગ રોડ ઉપર | ટી.પી.૨૮ ફા.પ્લોટ નંઃ૩૨૪ હેતુ બસ સ્ટેન્ડ | હાલ આ સ્થળે પાર્કિંગ થઇ શકે તેમ નથી જેથી આ પ્લોટમાં સાફસુફી થાય પછી પાર્કીંગની પરવાનગી આપવામાં આવશે |

| | | | |
|---|---|---|---|
| | ચંડોળા તળાવના નાકા પાસે, નારોલ | દાણીલીમડા સર્વે નં: ૧૧૨+૧૧૩+૧૧૪/૨ હેતુ ટ્રાન્સપોર્ટ નોડ | પાર્કિંગ કરી શકાશે |
| ૩ | અખબારનગર ચાર રસ્તા, એ.એમ.ટી. એસ બસ સ્ટેન્ડ, નવા વાડજ | ટી.પી.૨૮ ફા.પ્લોટ નં:૭૬૩ | પાર્કિંગ કરી શકાશે નહી ફકત પેસેન્જરોની પીકઅપ સ્ટેન્ડ તરીકે ઉપયોગ કરી શકશે |
| ૪ | મેમનગર ચાર રસ્તા, એ.એમ.ટી. એસ ડેપો | ટી.પી.૩૧ હયાત બસ સ્ટેન્ડ છે | પાર્કિંગ કરી શકાશે નહી ફકત પેસેન્જરોની પીકઅપ સ્ટેન્ડ તરીકે ઉપયોગ કરી શકશે |
| ૫ | મેમકો એ.એમ.ટી.એસ બસ ડેપો | નરોડા ર.સ નં: ૩૬૦+૩૬૧ | પાર્કિંગ કરી શકાશે નહી ફકત પેસેન્જરોની પીકઅપ સ્ટેન્ડ તરીકે ઉપયોગ કરી શકશે |
| ૬ | પાલડી ચાર રસ્તા એ.એમ.ટી.એસ બસ ટર્મીનસ પાછળનો પાર્કિંગ પ્લોટ | ટી.પી.૩ ફા.પ્લોટ નં:૯૪૬ | આ જગ્યાએ બસોની અવર જવર રાતના ક.૯.૦૦ થી સવાર ક.૮.૦૦ સુધીજ થઇ શકશે અને આ પ્લોટ પર પાર્કીંગ પણ કરી શકશે. |

ઉપરોક્ત પ્લોટોમાં ખાનગી લકઝરી બસોની અવર જવર માટે નીચેના માર્ગોના ઉપયોગ કરી શકશે. તેમજ જાહેર માર્ગો ઉપર લકઝરી બસો ઉભી રાખી પેસેન્જરોને પીકઅપ કરી શકશે નહી તેમજ પાર્કિંગ કરી શકશે નહીં.

રુટ:-

(૧) વિશાલા સર્કલથી એ.પી.એમ.સી માર્કેટ થઇ શ્યામાપ્રસાદ મુખર્જી ઓવર બ્રિજ થઇ ૧૩૨ ફુટ રિંગ રોડ નો ઉપયોગ કરી શકશે.

(૨) સરખેજ ગાંધીનગર હાઇવે વાય.એમ.સી.એ કલબની બાજુના ૧૦૦ ફુટના રિંગ રોડ થી શ્યામલ ચાર રસ્તાથી જીવરાજપાર્ક થઇ અંજલી સિનેમા ચાર રસ્તાથી પાલડી જઇ શકાશે.

(૩) ચંડોળા તળાવ માટે નારોલ સર્કલથી શાહવાડી, ચંડોળા તળાવ જઇ શકશે.

(૪) નરોડા પાટીયાથી મેમકો ચાર રસ્તા સુધી જઇ શકશે.

(૫) સરખેજ ગાંધીનગર હાઇવે વાય.એમ.સી.એ કલબની બાજુના ૧૦૦ ફુટના રિંગ રોડ થી શ્યામલ ચાર રસ્તાથી  શીવરંજની ચાર રસ્તાથી ૧૩૨ ફુટના રિંગ રોડના ઉપયોગ કરી શકશે.

આ સિવાયની શરતોમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલંમ ૧૩૧ (બી)(૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા.૯.૮.૦૪ થી કરવાનો રહેશે.

આજરોજ તા. ૯/૮/૨૦૦૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE AHMEDABAD CITY

તા. ૯/૮/૨૦૦૪
અમદાવાદ શહેર.

(કે.આર.કૌશિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સ.રવાના :-

૧. મેનેજરશ્રી, ગવૅમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગવૅમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. ( ૫ નકલ )
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર
૭ માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
   ૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :

૧. અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર.૧ અને ૨, મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, અ'વાદ શહેર.
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર
૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
   ૨/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
૫. તમામ પો.ઇન્સ.શ્રી ____________________ અમદાવાદ શહેર
૨/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારું
૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.